# અર્હદ્ પ્રેરણા પત્ર



❖ વર્ષ : 32 ❖ અંક : 11 ❖ S.No. : 487
❖ તા.16-2-2026 ❖ ફેબ્રુઆરી
છૂટક નકલ : રૂા. 6/-

# એલર્ટ યુવાનો દ્વારા જીવદયા તથા અનુકંપાની સુંદર એક્ટિવિટી






એલર્ટ ગ્રુપ ઓફ સેટેલાઇટ દ્વારા ઉત્તરાયણમાં પક્ષી બચાવો અભિયાનનું સુંદર રીતે આયોજન




એલર્ટ ગ્રુપ ઓફ ધુલિયા દ્વારા પાંજરાપોળનું મુલાકાત લઈ જીવદયાનું સુંદર આયોજન




એલર્ટ ગ્રુપ ઓફ વસઈ દ્વારા ખીચડી તથા ફ્રુટનું વિતરણ





એલર્ટ ગૌરાંગ ચેતનભાઈ ગોડીજી મુંબઈ બી.એમ.સી.માં ભાજપમાં ભવ્ય વિજયી થયા. મોદીજી, અમિત શાહ તથા કલ્પેશભાઈએ શુભેચ્છાઓ પાઠવી.




જામનગર ગ્રુપ દ્વારા ગરીબ લોકોને ખીચડી તથા મિઠાઈનું વિતરણ

તં દેવદેવ મહિઅં સિરસા વંદે મહાવીરમ્

અર્હદ્ પ્રેરણા પત્ર

વર્ષ : 32 ❖ અંક : 11
S.No. : 487 ❖ વિ.સં.2082
તા.16-2-2026 ❖ ફેબ્રુઆરી

: માલિક :
**અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ**
૧૭, ઈલોરા પાર્ક, જૈન દહેરાસરની સામે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩.
ફોન : 079-2768 1317

430, પંચરત્ન બીલ્ડીંગ, ૨જે માળે,
એમ.પી.માર્ગ, ઑપેરા હાઉસ, મુંબઈ - 4.
ફોન : 022-23631564, 23808621
(M) 93225 14188 (Time : 12 to 5)
manasmandirtrust@gmail.com
www.shreejainalertgroup.org

તંત્રી–મુદ્રક–પ્રકાશક
**કલ્પેશભાઈ વિ. શાહ**
અમદાવાદ

ટાઈપ સેટીંગ
**સમ્યક્ ડીઝાઈન એન્ડ પ્રિન્ટ**
અમદાવાદ

મુદ્રક
સર્વોદય ઓફસેટ
અમદાવાદ
મો. : 98245 15514


આજીવન લવાજમ : રૂા. ૫૦૦/–
છૂટક નકલ : રૂા. ૬/–


॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્ર-હેમરત્નસૂરીશ્વરેભ્યો નમઃ ॥

**યુવાનોના ઉત્કર્ષ કાજે યુવાનો વડે ચાલતું મેગેઝીન**

**દિવ્યકૃપા : યુવાહૃદયસમ્રાટ્ સ્વ.પૂજ્ય આચાર્ય શ્રી હેમરત્નસૂરીશ્વરજી મહારાજા**


**લેખક : પ.પૂ.પં.શ્રી હૃદયરત્ન વિ.ગણિ**



## પ્રાર્થના

**હે** પ્રભુ ! કરુણાસાગર ! હું તો હજુ નાનકડો બાળક છું. અજ્ઞાની છું. તું તો જ્ઞાનનો મહાસાગર છે. આજે તારી પાસે જ્ઞાનની યાચના કરવા આવ્યો છું. પ્રભુ મને નિરાશ ન કરશો.

સાંભળ્યું છે કે, મોટા લોકોને પ્રાર્થના કરવાથી તેઓ પોતાની તમામ સંપત્તિ પણ આપી દે તેવા ઉદાર હોય છે. પરંતુ પ્રભુ ! હું બધું તો નથી જ માંગતો પરંતુ એક નાનકડું જ્ઞાનનું કિરણ માંગુ છું. જ્ઞાનની ચિનગારી માંગુ છું. જે મારા અનાદિ કાલના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી જ્ઞાનની જ્યોત પ્રજ્વલિત કરે.

હું પણ જ્ઞાની બનું, ધ્યાની બનું અને અંતે આપના સરિખો વીતરાગી બનું. પ્રભુ એટલી કૃપા આ સેવક ઉપર કરજે, તારા માટે આ અશક્ય નથી જ. જ્ઞાનની એક બુંદ જો મને મળી જાય તો મારા અજ્ઞાનના અંધારા દૂર થાય. તેમ છતાં તારા જ્ઞાનસાગરમાં કંઈ કમી થવાની નથી. હે દાદા ! મારી આટલી પ્રાર્થના ચિત્તમાં ધરીશ ને ?

પ્રભુ ! તને પણ ખબર છે, કે દીપસે દીપ જલે ! તું મારો દીપ જલાવી દે પછી તારી કૃપાથી હું અન્યના દીપ જલાવવા શક્તિમાન બનીશ. પણ પ્રભુ પહેલાં તો તું મારો દીપ જલાવી અંધકારને દૂર કર વહાલા !


## સંવેદના

**"તુ**લસી ઈસ સંસાર મેં તરહ તરહ કે લોગ". કેટલાક **"ઘર્ષણપ્રિય"** લોકો એવા હોય છે, કે તેમને સીધુ–સાદુ ચાલતું હોય તો ચેન ન પડે. ઘરમાં કે દુકાનમાં સાસુ–વહુ, પતિ–પત્ની, શેઠ–નોકરનું બરાબર ચાલતું હોય ત્યારે ઘર્ષણની રાહ જોતા હોય. કોઈ લડે તેમાં તેમને મજા આવે.

કેટલાક **શાંતિપ્રિય** હોય છે. ઘર્ષણથી દૂર ભાગે. આપણે શું લેવા દેવા ? શું હકીકત છે તે પણ જોવા તૈયાર નહીં. આવું નિસત્ત્વપણું સારું નથી. આ નમાલાપણું ખોટું છે ! ક્યાંક ક્યારેક માથાકૂટમાં પડવું પણ પડે !

કેટલાક **ન્યાયપ્રિય** હોય છે. અન્યાય થાય, કોઈના પર ખોટો આરોપ આવે તો ઉકળી ઊઠે ! ડરે નહીં, નોકરી જાય તો જાય, વિવેક ચૂકે, અર્ધપાગલ જેવા હોય, બઢતી મળતી હોય તોય લાત મારે ! સમજ્યા વિના બધું ગુમાવે !

જ્યારે કેટલાક **કર્તવ્યપ્રિય** હોય છે. ઘર્ષણ જ્યારે કર્તવ્ય બને ત્યારે અહંકાર વિના ગંભિરતાથી ઝઘડામાં પણ ઉતરે શ્રીકૃષ્ણની જેમ. શાંતિના ચાહક હોય પણ શાંતિભંગ થતો હોય તો, અન્યને અન્યાય થતો હોય તો આવેશ–ઉશ્કેરાટ વિના પદ્ધતિસર ઘર્ષણમાં ઉતરી વિજય મેળવે. બીજી જ પળે સ્વસ્થ થઈ જાય ! જાણે કંઈ જ બન્યું નથી. કર્તવ્યનિષ્ઠા તે ઉંચો ગુણ છે. સાથે વિવેક હોય.



**હેમસૂત્ર** **લાગણીના ઝરણાં જ જાણે સૂકાઈ ગયા છે. સ્વજનને વળાવતાં આંસુ આવતાં હવે તો સ્મશાનમાં પણ આંખો ભીની થતી નથી !**

# મારું જીવન અંજલિ થાજો

## ભાસાસમિઈ - ૨૯

ભાસાસમિઈ ૨૯મું કર્તવ્ય છે, ભાષાસમિતિથી સમિત હોવું - થવું. અર્થાત્ બોલતાં ભાષાસમિતિનો ઉપયોગ રાખવો.

આમાં બે શબ્દ છે. ભાષા અને સમિતિ.

દુનિયામાં ભાષા અનેક પ્રકારની છે. કહેવાય છે, કે બાર ગાઉએ બોલી બદલાય ! આપણી રાષ્ટ્રીય ભાષા હિન્દી છે જ્યારે પ્રાદેશિક ભાષા પ્રત્યેક રાજ્યમાં જુદી-જુદી છે. જેમ કે - ગુજરાતમાં ગુજરાતી, મહારાષ્ટ્રમાં મરાઠી વગેરે દરેક વ્યક્તિની પોતાની માતૃભાષા હોય છે. જે ધરતી પર જન્મ થાય અને ત્યાં મોટો થાય એટલે ત્યાંની ભાષા તેની માતૃભાષા બને છે. પછી તે બહાર જાય, વિદેશ જાય અને બીજી અનેક ભાષાઓ શીખે, બોલે છતાં વ્યક્તિને પોતાની માતૃભાષાનું ગૌરવ હોય છે.



ભારતમાં અંગ્રેજોએ આવીને લગભગ ૨૦૦ વર્ષ રાજય કર્યું. તેમની આંગ્લ ભાષા (ઈંગ્લીશ) દેશવાસીઓમાં ખાસ કરીને રાજકારણમાં, સ્કૂલોમાં, સરકારી વહીવટોમાં, હૉસ્પિટલોમાં, કાયદાકીય કોર્ટોમાં એવી મૂકીને ગયા છે, કે ૭૫ વર્ષ પછી પણ તેનું સ્થાન ભારતની રાષ્ટ્રભાષા લઈ શકી નથી. સુપ્રિમકોર્ટે હવે તેમાં ફેરફાર કરવાનું સૂચન કર્યું છે.

ભાષા અને સંસ્કૃતિની જુગલબંધી છે. ભારતીય સંસ્કૃતિને સાચવવી હોય, આગળ વધારવી હોય તો તે કામ ભારતીય ભાષાના માધ્યમે થઈ શકે ! વર્તમાનમાં જે ભારતીય મૂળ સંસ્કૃતિનો વિનાશ ચારેબાજુ દેખાઈ રહ્યો છે તેના કારણોમાં એક કારણ છે, અંગ્રેજી ભાષાનું ચલણ.

અંગ્રેજોએ ભારતીય સંસ્કૃતિનો નાશ કરવા પહેલું કામ આપણાં તપોવનો, વિદ્યાપીઠો, આશ્રમો અને તેમાં ચાલતી સંસ્કૃતિ અને ભાષાઓને નકામી-નિરર્થક, વિકાસ રૂંધનારી જણાવી, તેની ચલણમાંથી હાકલપટ્ટી કરી પોતાની અંગ્રેજી ભાષા મૂકી, તેની જ વાહવાહ કરી. સત્તાના જોરે આપણા મૂળ મોક્ષમૂલક સંસ્કૃતિના પાયા ઉપર ચાલતા અભ્યાસક્રમો હટાવી નવા યુનિવર્સિટીના શિક્ષણો ઠોકી બેસાડ્યા. તે માટે વિદ્વાનોને ચાનક લગાડી પૈસા અને પદના જોરે આખા દેશમાં તેનો પ્રચાર કર્યો. પ્રજા ઊંધું તાકી પ્રવાહમાં તણાવા લાગી. જેઓ વિરોધ કરવા ગયા તેઓના નામોનિશાન મિટાવી દેવાયા અને તે ભાષા આજ સુધી ભારત ઉપર પ્રભુત્વ કરતી રહી. હવે તેમાં બદલાવ આવ્યો છે. લોકો માતૃભાષા અને મૂલ્યોને સમજવા લાગ્યા છે. તેમ છતાં એક ભાષા, એક ધર્મ, એક જાતિના વર્તમાનના વિનાશક વાવાઝોડાએ બમણા જોરથી દેશની મૂલ્યવાન સંસ્કૃતિ અને ધર્મો ઉપર આક્રમણ શરૂ કર્યા છે. સરકાર પણ તેને જ ઉત્તેજન આપી રહી છે. આગળ શું થશે તે તો જ્ઞાની જાણે !

બોલવાની લઢણ તે ભાષા છે. તે મીઠી હોય, કર્કશ હોય, કાલીઘેલી હોય, તોછડી હોય, માયાવી હોય, પથ્યભાષા, અપથ્યભાષા, આખા બોલીભાષા, નરમ, અસમંજસભાષા (કંઈ સમજાય જ નહીં) સત્યભાષા, અસત્યભાષા વ્યવહારભાષા, નિશ્ચયભાષા આવી તો અનેક પ્રકારની ભાષા પણ છે. તે બધી બોલનારના આધારે છે.

ભાષામાં શબ્દો હોય અને તે શબ્દો અક્ષરથી બને તેવા અક્ષરો મર્યાદિત છે. આ અક્ષરોના સંયોજનથી શબ્દો બને છે. શબ્દોના સંયોજનથી વાક્યો બને. આમ



સાહિત્ય તૈયાર થાય..

આવા અક્ષરો (આલ્ફાબેટ) વ્યાકરણમાં કુલ ૪૭ અથવા ૪૯ બતાવ્યા છે. જેમાં અ થી લઈ અઃ સુધીના ૧૪(૧૬) સ્વરો તથા ક્ થી લઈ હ્ સુધીના વ્યંજનો કહેવાય છે. વ્યંજનમાં સ્વર ભળે ત્યારે તે અક્ષર બને છે. એટલે વ્યંજનો લખવામાં ખોડા (ક્) લખાય છે.... (ક્ + અ = ક)

તમે શ્રી સિદ્ધચક્ર મહાપૂજનમાં જોયું હશે, કે તેમાં એક વલયમાં અક્ષરોનું પણ પૂજન થાય છે. કારણ અક્ષરો જ્ઞાન સ્વરૂપ છે. શ્રુતજ્ઞાનને લખવામાં આ અક્ષરોનો ઉપયોગ થાય છે. આખીય દ્વાદશાંગીના મૂળમાં આ ૪૭ અક્ષરો છે. વળી આ અક્ષરોનો પણ દરેકનો ધ્વનિ છે. એનું પણ એક મહત્ત્વનું વિજ્ઞાન છે. અક્ષરોમાંથી જ મંત્ર વિજ્ઞાન બન્યું છે અને તે મંત્રોમાં દેવી-દેવતાઓનું અધિષ્ઠાન હોય છે. જેમકે, 'ૐ' આ બીજાક્ષર છે. તે પરમેષ્ઠિ વાચક છે. તે રીતે પ્રત્યેક અક્ષરો પૂજનીય અને મહત્ત્વના છે. તે માટે તો અક્ષર લખેલા કપડાં, કાગળ કે ચીજ વસ્તુઓને અશુચિ સ્થાનમાં લઈ જવાતી નથી. તેથી જ્ઞાનની આશાતના કહી છે.



દરેક અક્ષરની વિશિષ્ટ ઑરા હોય છે. આ બધું તમે જાણશો તો તમને જ્ઞાન થશે કે ભાષામાં શું ગૂંથાયેલું છે ? (વિ.સં.૨૦૨૪માં પ્રકાશિત થયેલા મારા દ્વારા લખાયેલ પુસ્તક 'બંધન બંધન ઝંખે મારું મન'માં આ વિષય વિસ્તારથી આપેલો છે.)

'ભાષા' શબ્દની બાબતમાં આટલું જણાવી હવે 'સમિતિ' શબ્દની વાત કરીએ.

સમ્ ઈતિ એટલે કે, સમ્યગ્ પ્રકારે પ્રવૃત્તિ કરવી. (આગમાનુસારે પ્રવૃત્તિ) આ સમિતિ તે જૈન પારિભાષિક શબ્દ છે. તે પાંચ ક્રિયાની શાસ્ત્રીય સંજ્ઞા માટે વપરાયો છે. જેમકે - સાધુ કે શ્રાવકો માટે ચાલવું, બોલવું, ભોજન (શોધવું) કરવું, વસ્તુ લેવી-મૂકવી અને નિરુપયોગી વસ્તુઓનો નિકાલ કરવો (પરઠવી દેવી) પરિષ્ઠાપનિકા કરવી તે. તે માટે 'ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાન-ભંડ-મત્ત-નિક્ખેવણા સમિતિ તથા પારિષ્ઠાપનિકા સમિતિ' તથા પૌષધ - સામાયિકમાં રહેલા શ્રાવકે ફરજિયાત કરવાનું હોય છે.

ઈર્યા એટલે ચાલવું અર્થાત્ ચાલતી વખતે નીચે જમીન પર સાડા ત્રણ હાથ પ્રમાણ આગળ જોઈને ચાલવું જેથી જીવહિંસા ન થાય, તેમ આત્મવિરાધના પણ ન થાય. આને ઈર્યાસમિતિનું પાલન કર્યું કહેવાય. જોયા વિના ચાલે અને જીવ ન મરે છતાં પણ જીવની હિંસાનું પાપ લાગે. તેમ જોઈને ચાલે તો કદાચ જીવ અનાભોગથી કે સહસાત્ મરી પણ જાય તો જીવહિંસાનું પાપ લાગે નહીં, કારણ 'ઉપયોગ' તે ધર્મ છે, જયણા તે ધર્મ છે.

સાધુ માટે લખ્યું, કે સાધુને પ્રયોજન ઊભું થાય ત્યારે અચિત્ત માર્ગ ઉપર ચાલે. જ્યાં જીવો, કીડી, મંકોડા વગેરે સૂક્ષ્મજંતુઓ તથા બીજ, વનસ્પતિ-નિગોદ, ભીની માટી, પાણી, અગ્નિના કણિયા વગેરે ઉપર પગ ન આવે તે રીતે જોઈને ચાલે ! કેટલું જુએ ? તો, સાડા ત્રણ હાથ ભૂમિ (એક યુગ પ્રમાણ) જોઈને ચાલે. તેમાં જીવોની રક્ષા સાથે રસ્તામાં કાંટા, કાંકરા, કાચ, લોખંડની ખીલી વગેરે પગમાં વાગી ન જાય તેથી સ્વશરીરની રક્ષા પણ થાય.

હાઈવે ઉપર બોર્ડ મૂકેલા હોય છે, **'નજર હટી, દુર્ઘટના ઘટી'** અહીં પણ જોયા વિના ચાલે તો દુર્ઘટના ઘટે છે.

રસ્તામાં ઘણીવાર ગટરનું ઢાંકણું ભૂલથી ખુલ્લું રહી ગયું હોય અને કોઈ ઉતાવળિયો ઝડપથી જતો હોય ત્યારે

## 'નજર હટી, દુર્ઘટના ઘટી'

# ધ્યાનની ભૂમિકા

કોઈપણ સર્જનની પહેલી ભૂમિકા 'વિચાર' છે. એક બિલ્ડીંગ બનાવવું હોય તો પણ પહેલાં વિચાર આવે, કે હું બિલ્ડીંગ બનાવું ! કેમકે તે જૂનું થયું છે અથવા નવું બનાવવું છે. પછી તેની જરૂરિયાત વિચારાય. તેના માટે કેટલો ખર્ચ થાય ? ખીસ્સામાં રૂપિયા હોય તે મુજબ પ્લાન બનાવાય છે.

એટલે, બિલ્ડીંગ સર્વપ્રથમ માઈંડમાં વિચારરૂપે આવે પછી તે પેપર ઉપર ડ્રો થાય, પ્લાન બને પછી પ્લાન પ્રમાણે કોન્ટ્રાક્ટરો બનાવવાનું શરૂ કરે.



એમ આત્મપ્રાપ્તિનો બળવાન ઉપાય ધ્યાન છે. જો ધ્યાન કરવું છે તો હવે ધ્યાન માટે ક્યાંથી પ્રારંભ કરવો તે વિચારવું જોઈએ.

બાર તપો પૈકી અભ્યંતર તપમાં પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને છેલ્લે કાયોત્સર્ગ છે. ધ્યાન પહેલાં સ્વાધ્યાય છે. તેને સપોર્ટ કરનાર (મોહનીયનો ક્ષયોપશમ કરનાર) ઉપરના ત્રણ છે. આ બધાના પ્રયત્નથી ધ્યાનનો પ્રારંભ થાય છે તે સીસ્ટમ છે. વળી અભ્યંતર છ તપની સિદ્ધિમાં બાહ્ય છ તપો ઉપયોગી થાય છે. ઉપવાસ, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ અને સંલિનતાનો. અભ્યાસ અભ્યંતર તપને લાવે છે. હવે, જે વાત બીજી ભૂમિકાની કરવાની છે તેમાં પ્રવૃત્તિ એટલે કે આચારની સાથે આ તપ પણ આત્મશુદ્ધિના યજ્ઞમાં મહત્ત્વનું ફેક્ટર છે. આટલું વિચારી આગળ વધીએ.

બીજી ભૂમિકા છે, 'પ્રવૃત્તિ' કરવી. વારંવાર પ્રવૃત્તિ કરવાથી ધ્યાન આવે છે. પ્રવૃત્તિનું પણ સાતત્ય બંધાય છે.

ઈરિયાવહિ કરતાં ઘણીવાર એવું થાય છે કે, મેં ઈરિયાવહિ કરી કે નહીં ? ભૂલી જવાય ! આવી શંકા થાય તો નક્કી છે, કે તમારું ધ્યાન ઈરિયાવહિ કરતા હતા ત્યારે તેમાં ન હતું. બહાર હતું. મન-ચિત્તનો ઉપયોગ બીજે હતો. સૂત્રો ચાલતા હતા. જે ક્રિયા ઉપયોગપૂર્વક થાય તો સ્મૃતિ-ધારણા રહે છે અને તેના પ્રત્યે આદર હોય તો મન સરળતાથી તે ક્રિયામાં જોડાય છે.

એટલે ધ્યાનને રીલેટેડ જે પ્રવૃત્તિ છે તેના પ્રત્યે આદર પ્રગટાવવો ખૂબ જરૂરી છે. આદર વિના મન જોડાવા તૈયાર થવું મુશ્કેલ છે.

તમે વિચારો જે ચીજો તમારી સ્મૃતિમાં વારંવાર આવે છે કે, તમે જેને ભૂલી શક્તા નથી તે ચીજો પ્રત્યે તમને ચોક્કસ આદર હશે જ. (અથવા અનાદર) આવું નહીં હોય તો કલાકની સતત પ્રવૃત્તિ પણ આત્મા ઉપર સંસ્કાર ઊભા નહીં કરી શકે !

જમણવારમાં મન ભાવન - રૂચિકર આઈટમો કે વ્યક્તિઓ હોય તો મન બહાર જતું નથી. રસપૂવક હરખી હરખીનો ખાય છે. કંટાળતું પણ નથી કેમ ? તો તેના પ્રત્યે આદર છે. તે ખૂબ ગમે છે. તે ખૂબ રુચે છે. જમ્યા પછી પણ વાતોમાં તે આઈટમો વારંવાર યાદ આવે છે.

એમ મનને પણ શુભ પ્રવૃત્તિમાં જોડી, ન જોડાય તો તેના લાભ વગેરે સમજાવી તે પ્રવૃત્તિ પ્રત્યે આદર ઊભો કરવો જોઈએ.

**અનંતકાળના ખંડમાં આ જીવે રાગ-દ્વેષ-આર્ત-રૌદ્રધ્યાન કે અશુભ ધ્યાનો તો વારંવાર સેવ્યા છે. ધર્મધ્યાન સેવ્યાનો સમય દરિયાની સામે ટીંપા જેટલો જ હશે. જેથી તેના સંસ્કારો આત્મા ઉપર પડ્યા નથી. એટલે મન શુભ ભાવો, શુભ પ્રવૃત્તિઓથી પરિચિત કે ભાવિત થયું નથી.**

હવે આ ભવમાં ચાન્સ મળ્યો છે તો મનને શુભથી પરિચિત કરીએ અને વારંવાર પ્રવૃત્તિ દ્વારા ભાવિત

કરીએ. તો આગળ વધાય અને તે પ્રવૃત્તિમાં આદર-એકાગ્રતા વધતાં પ્રવૃત્તિ ધ્યાનરૂપ બનશે. નોંધી લેજો કે આ ધ્યાન-ભાવના જ ઉત્તરોત્તર બળવાન થતાં આત્મા ઉપરના ક્લિષ્ટ કર્મોનો નાશ કરનાર બનશે.

સત્ પ્રવૃત્તિમાં સતત લાગ્યા રહેવું તે પણ ધ્યાન જ છે.

કેટલાકને ઊભા ઊભા વાતો કરતાં કલાક ક્યાં પાસ થઈ જાય તેની ખબર રહેતી નથી. પણ ક્યારેક પ્રતિક્રમણ કરવાનું હોય તો બેસીને કરે. ઊભા થવાનું કહીએ તો કહેશે, 'થાકી ગયો છું.'



આમ કેમ થયું ? તો, કે વાતો પ્રત્યે જે આદર-રસ હતો તે આ પ્રતિક્રમણ પ્રત્યે નથી. શક્તિ નથી એવું પણ નથી. પ્રતિક્રમણ પૂરું થતાં નીચે જઈ પાછો વાતે વળે તો ઊભા ઊભા કલાક નીકળી જાય ! મનની આ અવળચંડાઈ છે. શુભમાં જોડાતું નથી. પોતાને રસ પડતી ફાલતું ચીજોમાં શક્તિઓ ઉભરાવા માંડે છે. અહીં શુભ પ્રવૃત્તિઓ પ્રત્યે હૃદયની લાગણીઓનો અભાવ છે.

એક વસ્તુ સમજી લો, હૃદયની લાગણી તમે સંસાર સાથે જોડશો તો તમને પાછો આ જ સંસાર ભટકાશે અને ધર્મ પ્રત્યે જોડશો તો આત્મધર્મની પ્રાપ્તિ કરાવશે. અંતે ધર્મના દાતાર પરમાત્માનું મિલન કરાવશે.

આટલું લખી રાખો કે, હૃદયની લાગણી વિના જીવમાં અધ્યાત્મ ન આવે.

**જે પણ ધર્મ ક્રિયાઓ છે તે જેટલી હૃદયની લાગણીપૂર્વક થશે તેટલું અધ્યાત્મ લાવનારી થશે. જો ક્રિયાઓ માટે સમય તો આપો જ છો હવે સમયને સફળ કરનાર લાગણી પણ આપો, આદર પણ આપો, તેમાં રસ ઉત્પન્ન કરો. નહીંતર માત્ર કસરત થશે. સામાન્ય પુણ્યબંધનું કારણ બનશે.**

જેનાથી લાખોની કમાણી થવાની હતી તે વેપાર બે-ચાર રૂપિયા આપી રવાના થઈ જશે.

તમારા સંસારમાં જુઓ, જે મહેમાનો પ્રત્યે આત્મીયતા, લાગણી હોય છે તેમની આગતા-સ્વાગતા કેવી થાય છે ? સવારે ૩ વાગે ઠંડીમાં એરપોર્ટ જવાનું હોય તો વિના એલાર્મ આપે ઉઠી જાઓ છો અને અણગમતા આવતા હોય ત્યારે આવકાર કેવો ? આદર હોય ત્યાં પ્રવૃત્તિમાં પ્રીતિ આવે છે.

સાધુ માટે હમણાં દીક્ષિત થયેલો, હજુ ગોચરી લેતાં ન આવડે, આચારો પાળવાનો પૂરો અભ્યાસ ન પાડ્યો હોય અને ધ્યાનમાં ચડવાની વાત કરે તો ચાલે ? ગુરુ શું કરે ?

નીચેની ભૂમિકામાં આવ્યા વિના, અભ્યાસ થયા વિના ઉપલી ભૂમિકામાં સેટ થવું અઘરું છે. નાસીપાસ થાય તો ફરી ત્યાં રહેવાનું મન ન થાય. ધ્યાન છોડી દે. કેમ આવું થયું ? તો કે, યોગ્યતા, પાત્રતા, ખીલવ્યા વિના ઉપરના ક્લાસમાં બેઠા હવે ગોથાં ખાવા લાગ્યા એટલે કહેશે ધ્યાન કરવા જેવું નથી.

**પ્રશ્ન :** એવા પણ દાખલા મળે છે કે, સીધી બીજી-ત્રીજી ભૂમિકામાં ચડી છેક કેવલજ્ઞાન સુધી પહોંચ્યા હોય તેનું શું ?

જવાબ : બની શકે, જેમને સીધી જ ઉપરની ભૂમિકા પ્રાપ્ત થઈ ગઈ છે તેવું લાગે છે. તેઓ નીચલી ભૂમિકા તો ખરેખર પૂર્વભવોમાં તૈયાર કરી આવ્યા છે તેમ સમજવું.

ઢંઢણમુનિ કે ગજસુકુમાલ મુનિ દીક્ષા લીધા પછી તરત જ અનશનના માર્ગે ગયા. ભગવાને રજા પણ આપી કારણ જ્ઞાની હતા. પણ બધાને આ રજા ન મળે. તેમના પૂર્વભવ વાંચો તો તમારો દાખલો મળી જશે.

૯-૧૦ વર્ષની ઉંમરે દીક્ષા લેનારા અત્યારે પણ સુંદર સંયમ પાળે છે તે વૈરાગ્ય વગેરે ક્યાંથી આવ્યો ? છતાં

બધા બાળકોને દીક્ષા ન અપાય. યોગ્યતા જોવી એટલે ? જો તેની ભૂમિકા ઊંચી લાગે છે તો તે ચોક્કસ પૂર્વભવની આરાધના જાણવી.

સામાન્ય રીતે બધા જીવો માટે તો એક જ રાજમાર્ગ હોય. કેટલાક જીવો (યોગ્યતા પ્રગટી હોવાથી) રાજમાર્ગ છોડી શોર્ટકટના માર્ગે ચાલી નિર્વિઘ્ને પહોંચી શકે છે. તેની કોણ ના પાડશે ? જાણકાર છે માટે શોર્ટકટ જાય.

યોગ્યતા લઈને આવેલા વિશિષ્ટ જીવો માટે શાસ્ત્રમાં શોર્ટકટ પણ આપ્યા છે. પણ સામાન્યથી બધા માટે નિયમ આ કે દીક્ષા લઈ સતત અધ્યયન કરો, ગુર્વાજ્ઞાપૂર્વક યોગાભ્યાસ કરો. તપ, જપ-સ્વાધ્યાય કરી તૈયાર થાઓ પછી જેમાં વીર્ય ઉછળે તે યોગમાં જાઓ. દરેક યોગ મોક્ષ સુધી તો જાય જ છે.

કાજો લેતાંય કેવળજ્ઞાન, દોરડા ઉપર નૃત્ય કરતાં પણ કેવળજ્ઞાન અને નદી ઉતરતાંય કેવળજ્ઞાનના દાખલા લઈ તેવું કરવા ન બેસાય.

ધ્યાનની પૂર્વભૂમિકા ક્રિયાયોગ છે. ક્રિયાકાંડમાં જેને કંટાળો આવે છે તે ધ્યાનના માર્ગે ચડી શક્તો નથી. જ્યારે ક્રિયાકાંડમાં રુચિવાળા જીવો આદરથી, ચીવટથી આ માર્ગમાં આગળ વધનારા ધ્યાનયોગને પામી શકે છે.

પણ જેને માર્ગ જ હજુ નક્કી કર્યો નથી તેઓ કોઈ યોગને પ્રાપ્ત કરી શક્તા નથી.

જે જીવો માર્ગમાં (યોગમાર્ગમાં) પ્રવેશ પામ્યા નથી. તેવા આદિ ધાર્મિક જીવો માટે 'મંત્રજાપ' યોગ છે. જેઓ પ્રવેશ કરી ચૂક્યા છે તેવા જીવો માટે ક્રિયાકાંડ છે. વિધિ વિધાનો આવશે. વ્રત-નિયમો આવશે.


ભગવાને કલ્યાણકારી ઉપદેશ આપ્યો તેમાં દેશવિરતિ અને સર્વવિરતિ બે પ્રકારના ધર્મો બતાવ્યા. સીધો ધ્યાનનો માર્ગ બતાવ્યો નથી.

દરેક જીવભેદે ધર્મો પણ જુદા જુદા કહ્યા. તમારી પાસે કોઈ નવા જીવો આવે તો શું ઉપદેશ આપો ? ધ્યાનમાં બેસી જાઓ એમ ?

ધ્યાનથી જ વિપુલ કર્મક્ષય થાય છે. ધ્યાનથી કલ્યાણ છે. ધ્યાન એ અસરકારક મોક્ષનો ઉપાય છે.

આ બધું સાચું હોવા છતાં પેલા નવા જીવને તો એમ જ કહેવાય કે, ભાઈ ! ભગવાનનું નામ ત્રણે ટાઈમ લેજે. જૈન હોય તો ૧ માળાનો નિત્ય જાપ આપવો પડે. પણ કહે કે, સાહેબ એક વરસથી જાપ કરું છું હવે આગળ શું કરું ? ત્યારે તેને પ્રભુપૂજા આદિમાં જોડવાની વાત કરીએ.

નામ-નિક્ષેપા પછી સ્થાપના નિક્ષેપો એને અપાય ! ક્રિયાકાંડમાં જોડાય એટલે જીવ ધર્મમાં આગળ વધે. આ સિસ્ટમ છે. ઉત્તરોત્તર દેશવિરતિ અને પછી સર્વવિરતિ ક્રમશઃ ગુણસ્થાનક ચડાવવું તે સિસ્ટમ છે અને આ રાજમાર્ગ છે.



જે જીવો પૂર્વ આરાધના કરીને આવ્યા છે તેના દાખલા આપીને માર્ગ બનાવાય નહીં.

૧૫૦૦ તાપસો અષ્ટાપદ પર્વતના પગથિયાં પર ધ્યાન સાધના કરતા હતા. છતાં ગૌતમસ્વામીની સિદ્ધિ જોઈ બધું છોડીને ગુરુ ગૌતમસ્વામી સાથે જોડાઈ ગયા. ધ્યાનયોગ, હઠયોગ, તપ-જપ બધું છોડી દીધું. ગુરુના હાથે જ પારણા કરી લીધા.

એટલું યાદ રાખવું, કે દરેક આરાધનાઓ તેની તે તે ભૂમિકામાં અસરકારક બને છે. ઍક્ટિવ બને છે. તેના નીચે નહીં અને ઉપર પણ નહિ અને તે નક્કી કરનાર જ્ઞાનીઓ છે.

ક્રમશઃ




# ૧૦૦૦ શ્રમણ-શ્રમણી ભગવંતોના હસ્તે પ.પૂ.જૈનાચાર્ય શ્રી રત્નસુંદરસૂરીશ્વરરજી મહારાજા લિખિત પ્રેમનું વિશ્વ - વિશ્વનો પ્રેમ ૫૦૦માં પુસ્તકનું દેશ-દુનિયાની ૨૧ ભાષાઓમાં ભવ્ય વિમોચન

૭ થી ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન, મુલુંડ, મુંબઈ મુકામે આયોજિત ઊર્જા મહોત્સવના પ્રથમ દિવસે ૧૨૦૦થી વધુ સાધુ-સાધ્વીજી ભગવંતો, સમસ્ત મુંબઈના ૫૦૦થી વધુ સંઘોના હજારો શ્રાવક-શ્રાવિકા સાથે ૫૦૦ પુસ્તકોની ભવ્ય શોભાયાત્રા સાથે પ્રવેશ થયો.

લોકસભાના અધ્યક્ષ **શ્રી ઓમ બિરલા** દ્વારા પાંચ દિવસના ઊર્જા ૫૦૦માં મહોત્સવનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. તેઓએ પૂજ્યશ્રીની આ ૫૦૦ પુસ્તકોની રચનાને રાષ્ટ્રસેવા સમાન ગણાવી.

મહોત્સવ દરમિયાન જૈન દર્શનના અહિંસા-કરુણાની ભાવનાનું જીવંત ઉદાહરણ સ્વરૂપે જીવદયાના કાર્યરૂપે રૂપિયા ૬.૬૬ કરોડનું દાન ભારતભરની ૨૦૦થી વધુ પાંજરાપોળોને અર્પણ કરવામાં આવ્યું.

પાંચ દિવસના મહોત્સવ દરમિયાન આયોજિત વિવિધ કાર્યક્રમોએ વિશાળ જનસમૂહને આકર્ષ્યો. સરસ્વતી ઉપાસનામાં ગુરુમુખે ૧૦૮ જૈન સંગીતકાર અને જૈન વક્તાઓને સરસ્વતી સાધના આપવામાં આવી, તે દિવસે ૨૫,૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓએ ભાગ લીધો.

**'નમો શ્રુતોત્સવ - શ્રુત આલેખન'**માં ૧૦,૦૦૦થી વધુ લોકોએ શ્રુતજ્ઞાનની આરાધના કરી.

આદિ ઊર્જા કોન્સર્ટમાં ૧૦૮ પ્રખ્યાત જૈન ગાયકોએ પોતાની પ્રસ્તુતિ આપી અને ૫૦,૦૦૦થી વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા.

શ્રી આદેશ્વર ભગવાનની ૫૦ ફૂટ ઊંચી ભવ્ય પ્રતિમાની સમક્ષ આરતીમાં ૨૫,૦૦૦થી વધુ ભક્તોએ ભાગ લીધો, જે મહોત્સવનું વિશેષ આકર્ષણ બન્યું.

સાધર્મિક ભક્તિ હોય કે આતિથ્ય સત્કાર બધી જ વ્યવસ્થાઓ ઊડીને આંખે વળગે તેવી હતી.

પૂજ્યશ્રીના પુસ્તકો પર આધારિત શોર્ટ ફિલ્મો બતાવતા બે થિયેટરમાં પણ જનમેદની ઉમટી પડી હતી.

કિડઝાનિયામાં ટૅક્નોલોજીના માધ્યમે જૈન ધર્મના મૂલ્યોને બાળકોમાં સંસ્કરણ કરતી વિવિધ જ્ઞાનસભર રમતો અને પ્રવૃત્તિઓ ખૂબ જ પ્રશંસનીય હતા. ૧ લાખથી વધુ બાળકોએ તેની મુલાકાત લીધી હતી.

આ મહોત્સવ અંતર્ગત છેલ્લા ત્રણ દિવસ એટલે કે, તા.૯-૧૦-૧૧, જાન્યુઆરી'૨૬ના રોજ વિશ્વસ્તરે ૪૦,૦૦૦થી વધારે યુવકોનું સંગઠન ધરાવતા જૈન **એલર્ટ ગ્રુપ ઑફ ઇન્ડિયાની ૪૨મી શિબિર** (પારિવારિક શિબિર)નું આયોજન રાખેલ હતું. જેમાં દેશ-વિદેશથી ૧૫૦૦થી વધુ વ્યક્તિઓએ ભાગ લીધો.

પ્રથમ દિવસે ત્રણેય સરસેનાધિપતિશ્રીઓ **શ્રી કલ્પેશભાઈ, શ્રી જયેશભાઈ** અને **શ્રી નિલેશભાઈ** તથા મહોત્સવ સમિતિના આયોજકોએ દીપ પ્રાગટ્ય કરીને ફેમિલી શિબિરનો શુભારંભ કર્યો.

લોકમત ગ્રુપના માલિક, તંત્રી અને રાજ્યસભાના સાંસદ શ્રી વિજય દરડા (જૈન) સાથેનો **શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજા**નો લાઈવ બ્રોડકાસ્ટમાં સવાલો જેટલા રોચક હતા એટલા જ વેધક અને હૃદય સોંસરવા ઉતરી જાય તેવા સચોટ જવાબો પૂ.મહારાજ સાહેબે આપ્યા હતા.

ભારત સરકારે પૂજ્યશ્રીને ભારતરત્ન એનાયત કરવો જોઈએ. એવી અપીલ અખિલ ભારતીય સકલ જૈન મહાસંઘના અધ્યક્ષ વિજય દરડાએ કરી હતી, જેને તાળીઓના ગડગડાટ સાથે હાજર સમગ્ર મેદનીએ વધાવી લીધી હતી.

મહોત્સવના અંતિમ દિવસે, ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ૫૦૦મી ઐતિહાસિક કૃતિ **'પ્રેમનું વિશ્વ અને વિશ્વનો પ્રેમ'**નું વિમોચન એક અભૂતપૂર્વ અને ગૌરવ સભરક્ષણ રહી.

ભારતના લોકલાડીલા માનનીય પ્રધાનમંત્રી **શ્રી નરેન્દ્ર મોદીજી** પ્રત્યક્ષરૂપે ત્યાં હાજર ન રહી શક્યા એ માટે વિડિયો મેસેજ દ્વારા દિલગીરી વ્યક્તકરી તેમને ૫૦૦ પુસ્તકના વિમોચન માટે પૂજ્યશ્રીનું અંતરમનથી અભિવાદન કર્યું.

વિમોચન પહેલાં પૂજ્યપાદ **શ્રી રત્નસુંદર સૂરીશ્વરજી મહારાજે** પોતાના આસનથી ઊભા થઈને

તમામ શ્રી ચતુર્વિધ સંઘ પાસે જઈને આશીર્વાદરૂપ અક્ષત વધામણાં સ્વીકાર્યા.

પ્રશાંતમૂર્તિ પૂજ્યપાદ ગચ્છાધિપતિ **શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ** તથા પૂજ્યપાદ ગચ્છાધિપતિ **શ્રી કલ્પતરુવિજયજી મ.સા.** સહિત એક સાથે આ ગ્રંથનું વિધિવત લોકાર્પણ ૧૨૦૦થી વધુ સાધુ-સાધ્વીજી ભગવંતોના પાવન કરકમલો દ્વારા કરવામાં આવ્યું. જે જૈન ધર્મના ઈતિહાસમાં એક અનન્ય અને અદ્વિતીય સિદ્ધિ તરીકે નોંધાયું. એકસાથે આટલી વિશાળ સંખ્યામાં ઉપસ્થિત સાધુ-સાધ્વીજી ભગવંતો દ્વારા પુસ્તકનું વિમોચન થવું એ જૈન સાહિત્ય અને આધ્યાત્મિક પરંપરામાં એક નવો વિક્રમ પ્રસ્થાપિત થયો.

સમગ્ર મહોત્સવના આયોજક એવા ઉર્જા મહોત્સવ સમિતિ અને રત્નત્રયી ટ્રસ્ટ સૌજન્યના આધાર સ્તંભ સૂત્રધારો જેવા કે, શાસનરત્ન શ્રીયુત્ **કુમારપાળભાઈ વી. શાહ**, સંઘભૂષણ શ્રી **કલ્પેશભાઈ વી. શાહ**, શાસન ગૌરવ **ડૉ.સંજયભાઈ શાહ, શ્રી નિખીલભાઈ કુસુમગર, શ્રી પલકભાઈ શાહ, શ્રી કૌશિકભાઈ સંઘવી, શ્રી રાકેશભાઈ મહેતા, શ્રી જિતેન્દ્રભાઈ ચોવટીયા, શ્રી હેતલભાઈ કાંકરિયા** તથા તેમની સાથે સેવા યજ્ઞમાં સમર્પણની આહૂતિ આપી રહેલા હજ્જારો શ્રાવક-શ્રાવિકા વૃંદનો અથાગ પુરુષાર્થે એક ભવ્ય-દિવ્ય અને ઐતિહાસિક મહોત્સવને ઐતિહાસિક શ્રુતોત્સવ બનાવી દીધો.

## બાપ કરતાં બેટો સવાયો...

**એલર્ટ ચેતનભાઈ ઝવેરી** ૩૦ વર્ષ પૂર્વે એલર્ટમાં જોડાયા. પ્રતિભાના બળે શ્રી ગોડીજી મુંબઈમાં ટ્રસ્ટી તરીકે જોડાયા. તેમનો દીકરો ગૌરાંગ પણ જોડાયો... ઉચ્ચ શિક્ષણ પામી એડવોકેટ બન્યો. હવે હરણફાળ ભરી મુંબઈ બી.એમ.સી.માં બી.જે.પી.માં વોર્ડ નં.૨૧૭માં ૧૦ હજાર વૉટથી વિજયી બની વડાપ્રધાન મોદીજીની શુભેચ્છા પામ્યો. પ્રભુને પ્રાર્થના કરીએ રાજકારણમાં લોકસભા સુધી પહોંચી જિનશાસનની સેવા કરવા તેમને બળ અને સૌભાગ્ય મળો !

અનુસંધાન પાના નં. ૫ ઉપરથી

જોયા વિના સીધો ગટરમાં ઉતરી જવાના બનાવ બનતા હોય છે. ક્યારેક પડી જવાના, સ્લીપ થઈ જવાના બનાવ બનતા હોય છે. માટે જોઈને ચાલવાથી લાભ થાય છે.

સાધુને ચાલવાનું પ્રયોજન ક્યારે થાય ? તો કે, વિહાર કરવાનો હોય, ગોચરી જવાનું હોય, ઠલ્લા-માત્રા માટે જંગલ જવાનું હોય, જિનાલય કે અન્ય ઉપાશ્રયે, મંડપમાં કે અન્ય કાર્યક્રમમાં પ્રવચન વગેરે માટે જવાનું હોય. શોભાયાત્રા કે આવતા મહેમાનને લેવા જવાનું થાય, હૉસ્પિટલ કે દવાખાને ડૉ.ને બતાવવા જવાનું હોય, કોઈ બીમારને ઘરે જઈ માંગલિક સંભળાવવાનું હોય, કોઈ ગૃહસ્થને ત્યાં વિશેષ પ્રસંગે પગલાં કરવાના હોય વગેરે પ્રસંગોએ સાધુને બહાર નીકળવાનું થાય તે સિવાય તેઓ પોતાના આસને બેસીને સ્વાધ્યાય, જાપ, ધ્યાન વગેરે સંયમના યોગોમાં ઓતપ્રોત રહેતા હોય છે.

ગમનાગમન કરીને આવ્યા પછી અજાણતાં પણ કોઈ હિંસા વગેરે થઈ હોય તો તે નિમિત્તે પ્રાયશ્ચિત્તનો કાયોત્સર્ગ કરી શુદ્ધિ કરવાની હોય છે.

આવું જ બોલવાની બાબતમાં પણ કેવી રીતે ઉપયોગપૂર્વક બોલવું તેનું માર્ગદર્શન 'શ્રી દશવૈકાલિક' નામના આગમમાં ૭મા અધ્યયનમાં સાધુ માટે આપ્યું છે. જેને વાક્શુદ્ધિ અધ્યયન કહેવાય છે.

**સાધુ, જેનાથી પાપ થાય તેવી ભાષા પણ ન બોલે, ધૂર્ત, કામી, ચોર, દારૂડિયો, જુગારી કે નાસ્તિક માણસ જેવી ભાષા ન બોલે. દંભ કર્યા વિના બધાને હિતકારી, મિત (માપસરની) છતાં ઘણાં કાર્યને સાધનારી, સ્પષ્ટ (ટોંટવાળી નહીં) ભાષા બોલવી તે ભાષા સમિતિ છે.**

એષણા એટલે શોધવું, શું શોધવું ? તો, સાધુ જ્યારે ઘરે-ઘરે ગોચરી લેવા જાય ત્યારે આપનાર દાતા વડે કે પોતાનાથી કોઈ હિંસા ન થાય તથા કોઈ દોષિત (સાધુને ન ખાઈ શકાય તેવી અભક્ષ્ય કે અકલ્પ્ય) વસ્તુ પોતાના પાતરામાં આવી ન જાય તે જોઈને લે. આ ક્રિયાને એષણા સમિતિનું પાલન કર્યું કહેવાય. કોઈ જીવાતવાળી વસ્તુ કદાચ આવી જાય તો જીવોને વિધિપૂર્વક યોગ્ય સ્થાને મૂકી બાકીના આહારની શુદ્ધિ કરે. તે રીતે કપડાં, ઔષધ, રહેવા માટેની વસતિ (મકાન-ઉપાશ્રય) વગેરે લેતા હિંસા કે દોષ ન લાગે તે તપાસ કરે નિર્દોષ હોય તો ગ્રહણ કરે.

ક્રમશઃ

# ઉર્જા મહોત્સવ તથા ૫૦૦મા પુસ્તકના વિમોચનની અવિસ્મરણીય ક્ષણો















RNI NO. : GUJGUJ/2006/16904 (Delhi) Publish & Posted 16th of every month at Ahd. Unaccountable L1
Reg.No. : GAMC 988/2024-2026 Issued by SSP Valid up to 31-12-2026
Licence to Post with Prepayment LPWP Licence No. : PMG/NG/058/2024-2026 Valid up to 31-12-2026



ઉર્જા મહોત્સવ સમમિતતિ તથા અન્ય મહાનુભાવો



એલર્ટ ગ્રુપ ઓફ ગુજરાત ટ્રોફી : બરોડા



એલર્ટ ગ્રુપ ઓફ મહારાષ્ટ્ર ટ્રોફી : નાસિક



બ્રાહ્મી સુંદરી ગ્રુપની બહેનો



એલર્ટ ગ્રુપ ઓફ ઇન્ડિયા ટ્રોફી : ડોમ્બીવલી

માલિક : શ્રી અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ
૧૭, પ્રાર્થનાપીઠ, ઈલોરાપાર્ક, જૈન દેરાસર પાસે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩
ફોન : 079-27681317

તંત્રી-મુદ્રક-પ્રકાશક : કલ્પેશભાઈ વી. શાહ, અમદાવાદ
મુદ્રક : સર્વોદય ઓફસેટ, અમદાવાદ.

To,

SAMYAK - 98245 15514